# મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની ટ્રાફીક કોર્ટમાં,

**ક્રીમી. કેસ નં.–**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** VIJAYBHAI PRATAPBHAI DABHI

## ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબ...

## –ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો પ્રતિબંધીત મુદ્દામાલ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામાં રાખી પ્રોહી. ની ક.૬૫એએ મુજબનો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ.

આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. આરોપી ઉપર તહોમત ફરમાવી, સમજાવી તેમનુ નીવેદન રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. હાલના ગુના માટે કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ કોર્ટને સત્તા આપવામાં આવેલ છે. સદર ગુનામાં ઓછામાં ઓછી સજાની કોઇ જોગવાઇ નથી જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે અને ફકત દંડ લખેલ છે કોઇ રકમ જણાવેલ નથી જેથી કોર્ટની મનસુફી ઉપર છોડેલ હોવાનુ અત્રેની કોર્ટનુ માનવુ છે. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત, રેર્કડ, મુદ્દામાલનો જથ્થો, આરોપીની ઉમર, તેઓની સ્વૈચ્છીક કબુલાત વિગેરે ધ્યાને લેતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયની નેમ જળવાય તેમ છે ઉપરાંત નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને રાખતા ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// હુકમ ///

- **આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુનો કરવા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૨૫૦/– (અંકે રૂપિયા બ સો પચાસ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ પ્રતિબંધીત મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નીયમો મુજબની નાશ કરવાની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કોઇ કિમતી મુદ્દામાલ જેમ કે વાહન, વાસણ, મોબાઇલ વિગેરે કબજે થયેલ હોય તો તે બાબતે થયેલ વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો**

**હુકમ ન હોય તો મુદ્દામાલની માલીકની તપાસ અને ખરાઇ કરી તેના માલીકને અપીલ સમય વિત્યા બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ: રાજકોટ.

સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ તથા
જયુડી. મેજી. ફ. ક. (ટ્રાફીક) કોર્ટ રાજકોટ.